# ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ. બેંક લી.

વહીવટી ઓફીસ : "વૃંદાવન", શુભમ ટાવર્સ સામે, બસ સ્ટેશન પાસે, વેરાવળ.
ફોન : ૨૪૪૦૭૭, ૨૨૧૨૦૧, ૨૪૪૧૨૩ ફેક્સ : ૨૪૪૧૨૨ email : vpcbvrl@gmail.com - www.vpcbank.com

**કોર બેંકીગ સુવિધાથી સજ્જ, SMS ALERT, MISS CALL બેલેન્સ કવેરી તથા Rupay ATM / Debit Card સુવિધા ઉપલબ્ધ...**

રજીસ્ટ્રેશન નં. ૩૧૩૬
તા. ૩૧-૧૦-૧૯૫૯

## ૫૭મો વાર્ષિક અહેવાલ ૨૦૧૫-૨૦૧૬

રીઝર્વ બેંક લાયસન્સ નં.
UBD. GJ 811 P તા. 29-12-1986

### : નોટીસ :

આથી બેંકના સભાસદોને જાણ કરવામાં આવે છે કે, બેંકની ૫૭ મી વાર્ષિક સાધારણ સભા તા. ૧૫-૦૯-૨૦૧૬ ને ગુરૂવારના રોજ સાંજના ૭-૩૦ કલાકે શ્રીમતી મણીબેન કોટક હાઈસ્કુલનાં "**પીપલ્સ બેંક પ્રાર્થના મંદિર હોલ**", રાજેન્દ્રભુવન રોડ, વેરાવળ મુકામે નીચે જણાવેલ કામકાજ કરવા માટે મળશે જેમાં સર્વે સભાસદોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

### : કાર્યસૂચિ :

૧. તા. ૨૮/૦૮/૨૦૧૫ ની વાર્ષિક સાધારણ સભા તેમજ તા. ૨૧-૦૧-૨૦૧૬ની ખાસ સાધારણ સભાની કાર્યવાહીને બહાલી આપવા બાબત.

૨. સને ૨૦૧૫-૨૦૧૬ નાં ઓડિટેડ નાણાંકીય પત્રકો, ઓડિટ દુરસ્તી તથા વ્યવસ્થાપક સમિતિનો અહેવાલ વિચારણામાં લઈ બહાલ રાખવા બાબત.

૩. બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ભલામણ કરેલ અહેવાલના વર્ષના નફાની ફાળવણી મંજુર કરવા બાબત.

૪. બોર્ડ ઓફ ડિરેક્ટર્સના ચુંટણીના પરિણામની નોંધ લેવા બાબત.

૫. સને ૨૦૧૬-૧૭ ના વર્ષ માટે સ્ટેચ્યુટરી ઓડીટર્સની નિમણુંકની નોંધ લેવા બાબત.

૬. વ્યાજ રાહત યોજના અન્વયે થયેલ કાર્યવાહીને બહાલી આપવા અંગે.

૭. પેટા નિયમ સુધારા-વધારા બાબત.

૮. ચેરમેનશ્રીની મંજુરીથી અન્ય આવશ્યક કામકાજ બાબત.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશથી....**
**તા. ૧૧-૦૮-૨૦૧૬**

**(રજનીકાંત આઈ. ચંદારાણા)**
જનરલ મેનેજર (ઈન્ચાર્જ)
ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ. બેંક લી. વેરાવળ

### ● નોંધ ●

૧) સંક્ષિપ્ત વાર્ષિક અહેવાલની નકલ સાધારણ સભામાં સાથે લાવવા વિનંતી છે.

૨) સાધારણ સભામાં સભ્યોએ ઓળખકાર્ડ સાથે લાવવા વિનંતી છે.

૩) સભા અધ્યક્ષની મંજુરી સિવાય ઉપરમાં જણાવેલ એજન્ડા સિવાય અન્ય કોઈપણ પ્રકારની ચર્ચા હાથ ધરવામાં આવશે નહીં.

૪) જે સભાસદોને વર્ષ ૨૦૧૫-૧૬ ના બેંકનું સરવૈયુ, નફા-નુકશાનખાતાની માહિતીની આવશ્યકતા હોય તો તેઓને તા. ૦૯-૦૯-૨૦૧૬ સુધીમાં લેખિત માંગણી મોકલી આપવા વિનંતી છે. અગાઉના કોઈ વર્ષની માહિતી આપવામાં આવશે નહીં અને તે અંગે કોઈ ચર્ચા પણ હાથ ધરાશે નહીં.

૫) તા. ૨૯-૦૯-૯૬ ની વાર્ષિક સાધારણ સભાએ મંજુર કરેલ ઠરાવ અનુસાર હિસાબોના વાર્ષિક અહેવાલ મોકલવામાં આવતા નથી પરંતુ સંક્ષિપ્ત અહેવાલ મોકલીએ છીએ. તેમ છતાં જે કોઈ સભાસદોને સને ૨૦૧૫-૧૬ ના વાર્ષિક અહેવાલની જરૂર હોય તો તેઓને બેંકની વહીવટી કચેરીએથી અથવા શાખાઓમાં રૂબરૂ તેમજ પોષ્ટ દ્વારા લેખિત માંગણી કર્યેથી મોકલી આપવા વ્યવસ્થા કરવામાં આવશે.

### અલ્પાહારનો સમય

**સાંજના ૬-૩૦ થી ૭-૩૦ કલાક સુધીનો રાખવામાં આવેલ છે જેથી તે સમય દરમ્યાન સર્વે સભાસદોને અલ્પાહારનો લાભ લેવા વિનંતી કરવામાં આવે છે.**

| કુલ આવક, કુલ જાવક જોગવાઈઓ અને નફો | ૧૪-૧૫ | ૧૫-૧૬ (₹ લાખમાં) |
|---|---|---|
| કુલ આવક | ૨૨૪૭.૪૦ | ૨૫૨૩.૬૧ |
| કુલ જાવક | ૧૮૩૦.૮૬ | ૨૧૦૨.૩૧ |
| ગ્રોસ નફો | ૪૧૬.૫૪ | ૪૨૧.૩૦ |
| જોગવાઈઓ | ૯૯.૩૩ | ૩૨૦.૩૦ |
| કાર્યકારી ચોખ્ખો નફો સરવૈયામાં લઈ જતા..... | ૩૧૭.૨૧ | ૧૦૧.૦૦ |

## ● બેંકની પ્રગતિના આંકડા ●

(રકમ ₹ લાખમાં)

| અનુ. નં. | વિગત | વર્ષ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
| ૧ | સભાસદ સંખ્યા | ૨૫૨૮૦ | ૨૬૧૭૯ | ૨૭૦૬૪ | ૨૭૮૧૩ | ૨૮૦૨૫ |
| ૨ | શેર ભંડોળ | ૩૨૨.૫૫ | ૩૫૩.૨૩ | ૪૩૭.૪૯ | ૪૮૨.૨૩ | ૫૩૩.૧૫ |
| ૩ | રિઝર્વ તથા અન્ય ફંડ | ૨૨૧૮.૯૪ | ૨૦૨૩.૫૬ | ૧૭૮૪.૨૬ | ૧૫૭૪.૧૧ | ૧૬૫૫.૨૦ |
| ૪ | થાપણ | ૧૦૭૦૧.૩૦ | ૧૨૧૨૭.૧૨ | ૧૪૫૯૧.૨૬ | ૧૬૮૫૩.૧૧ | ૨૦૨૨૪.૭૯ |
| ૫ | ધિરાણ | ૬૮૪૮.૧૮ | ૭૯૨૦.૮૯ | ૮૭૭૩.૬૧ | ૧૦૬૨૭.૮૫ | ૧૧૯૩૪.૦૭ |
| ૬ | કામકાજનું ભંડોળ | ૧૪૨૩૦.૪૫ | ૧૫૪૯૦.૬૫ | ૧૭૮૪૫.૨૯ | ૧૯૯૯૭.૦૬ | ૨૩૫૭૩.૪૦ |
| ૭ | નફો | ચો.કાર્યકારી નફો ૨૪૦.૧૨ MMCB પ્રોવીઝન પછી -૬૪૦.૨૨ | ચો. કાર્યકારી નફો ૨૦૨.૫૫ MMCB પ્રોવીઝન પછી -૪૩૭.૬૭ | ચો. કાર્યકારી નફો ૨૦૯.૯૧ MMCB પ્રોવીઝન પછી -૨૨૭.૭૬ | ચો. કાર્યકારી નફો ૩૧૭.૨૧ MMCB પ્રોવીઝન પછી +૮૯.૪૫ | ચોખ્ખો નફો ૧૦૧.૦૦ |
| ૮ | નેટ એન.પી.એ. % | 0 (ઝીરો) | 0 (ઝીરો) | 0 (ઝીરો) | 0 (ઝીરો) | 0 (ઝીરો) |
| ૯ | ઓડીટ વર્ગ | અ | અ | અ | અ | અ |

## -:: નફો તથા ફાળવણી ::-

બેંકનો કાચો નફો રૂા. ૪૨૧.૩૦ લાખ જેમાંથી સ્ટાફ ગ્રેચ્યુઈટી ખાતે રૂા. ૧૫૧.૮૪ લાખ, લીવ એનકેશમેન્ટ ખાતે રૂા. ૧૦૨.૪૬ લાખ તેમજ ઈન્વેસ્ટમેન્ટ ફકચ્યુએશન ૧૦.૦૦ લાખ, કન્ટીજન્સી ફંડ ખાતે ૧૦.૦૦ લાખ, જનરલ પ્રોવિઝન અગેન્સ્ટ સ્ટાન્ડર્ડ એસેટ ૬.૦૦ લાખ ભરવાપાત્ર ઈન્કમટેક્ષ ૨૦૧૫-૧૬ ના રૂા. ૪૦.૦૦ લાખની ચુકવણી કર્યા બાદ ચોખ્ખો નફો રૂા. ૧૦૧.૦૦ લાખ નો થયો છે. જેની વહેંચણી નીચે પ્રમાણે મંજુર રાખવા બોર્ડ ઓફ ડીરેકટર આજની સભાને ભલામણ કરે છે.

| | | |
|---|---|---|
| ૧) | પેટા નિયમ ૪૪ અ મુજબ અનામત ભંડોળ ખાતે ૨૫% મુજબ | ૨૫,૨૫,૦૦૦-૦૦ |
| ૨) | સહકારી કાયદાની સુધારેલી કલમ ૬૭-ક મુજબ ડુબત અને શંકાસ્પદ લેણા અનામત ખાતે ૧૫% મુજબ | ૧૫,૧૫,૦૦૦-૦૦ |
| ૩) | પેટા નિયમ ૪૪-ડ મુજબ શેર ભંડોળ ઉપર ૧૦% ડીવીડન્ડ | ૫૦,૦૦,૦૦૦-૦૦ |
| ૪) | પેટા નિયમ ૪૪-ક મુજબ શિક્ષણ ફાળો | ૨,૦૦,૦૦૦-૦૦ |
| ૫) | પેટા નિયમ ૪૪-બ મુજબ મેમ્બર્સ બેનીફીટ ફંડ | ૨,૫૦,૦૦૦-૦૦ |
| ૬) | પેટા નિયમ ૪૪-ઈ-૧ મુજબ ચેરીટી ફંડ | ૫૧,૦૦૦-૦૦ |
| ૭) | પેટા નિયમ ૪૪ઈ-૭ મુજબ ડીવીડન્ડ ઇકવીલાઇઝેશન ફંડ | ૧,૦૦,૦૦૦-૦૦ |
| ૮) | પેટા નિયમ ૪૪ઈ-૧ મુજબ સ્ટાફ બેનીફીટ | ૪,૫૦,૦૦૦-૦૦ |
| ૯) | પેટા નિયમ ૪૪ઈ-૪ મુજબ બિલ્ડીંગ ફંડ | ૬,૦૦૦-૦૦ |
| ૧૦) | પેટા નિયમ ૪૪ઈ-૧ મુજબ સહકાર, પ્રચાર શિક્ષણ ફંડ | ૩,૦૦૦-૦૦ |
| | કુલ રૂપીયા | ૧,૦૧,૦૦,૦૦૦-૦૦ |

## વિમા કવચ

બેંકની તમામ થાપણો સામે રિઝર્વ બેન્કના નિયમ અનુસાર બેંક દ્વારા દર છ માસે નિયમીત રીતે ભરવાપાત્ર પ્રીમીયમ ભરાયેલ છે. જેના કારણે થાપણદારોની ₹ ૧ લાખ સુધીની થાપણો વિમા કવચ હેઠળ સુરક્ષિત છે.

# ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ. બેંક લી.

**તા. ૩૧ મી માર્ચ ૨૦૧૬ નાં રોજનું સંક્ષિપ્ત સરવૈયું** (રકમ ₹ લાખમાં)

| ૩૧-૩-૨૦૧૫ | ભંડોળ-દેવું | ૩૧-૩-૨૦૧૬ | ૩૧-૩-૨૦૧૫ | મિલ્કત-લેણું | ૩૧-૩-૨૦૧૬ |
|---|---|---|---|---|---|
| ૪૮૨.૨૩ | વસુલ આવેલ શેરભંડોળ | ૫૩૩.૧૫ | ૩૫૫.૮૧ | હાથ ઉપર રોકડ | ૪૨૩.૪૪ |
| ૧૫૭૪.૧૧ | રિઝર્વ ફંડ તથા અન્ય ફંડ | ૧૬૫૫.૨૦ | ૩૮૧.૯૩ | નોટીફાઈડ બેંકોમાં ચાલુ ખાતે | ૮૯૭.૨૭ |
| ૧૬૮૫૩.૧૧ | થાપણો | ૨૦૨૨૪.૭૯ | ૩૦.૨૫ | અન્ય બેંકોમાં ચાલુ ખાતે | ૧૬૪.૭૩ |
| -- | કરજ | -- | ૧૩૬૯.૧૧ | બેંકોમાં મુદતી થાપણો | ૧૪૪૫.૮૯ |
| ૬.૮૩ | વસુલાત માટેના બીલ્સ | ૧૦.૧૦ | ૬૦૪૦.૦૪ | રોકાણો | ૭૪૯૯.૪૭ |
| ૫૬.૧૧ | બ્રાંચ એડજસ્ટમેન્ટ | ૨૬.૬૫ | ૧૦૬૨૭.૮૫ | ધિરાણ | ૧૧૯૩૪.૦૭ |
| ૩૪૦.૩૧ | મુદતવિતી વ્યાજ અંગે રિઝર્વ | ૩૫૧.૪૦ | ૪૯૬.૫૩ | મળવાપાત્ર વ્યાજ | ૫૪૭.૦૧ |
| ૫૨૭.૭૨ | ચુકવવાપાત્ર વ્યાજ | ૫૬૬.૨૨ | ૬.૮૩ | વસુલાત માટેના બિલ્સ | ૧૦.૧૦ |
| ૬૭.૧૯ | અન્ય જવાબદારી | ૧૦૪.૮૯ | ૫૦૩.૦૦ | સ્થાવર મિલ્કતો | ૪૯૦.૪૨ |
| ૮૯.૪૫ | નફા-નુકશાન ખાતે | ૧૦૧.૦૦ | ૭૧.૧૩ | ફર્નિચર અને ફીકચર્સ | ૬૭.૨૨ |
| | | | ૧૧૪.૫૮ | અન્ય અસ્કયામતો | ૯૩.૭૮ |
| ૧૯૯૯૭.૦૬ | કુલ | ૨૩૫૭૩.૪૦ | ૧૯૯૯૭.૦૬ | કુલ | ૨૩૫૭૩.૪૦ |

**તા. ૩૧ મી માર્ચ ૨૦૧૬ નાં રોજ પુરા થતાં વર્ષનું નફા-નુકશાન ખાતું** (રકમ ₹ લાખમાં)

| ૩૧-૩-૨૦૧૫ | ખર્ચ | ૩૧-૩-૨૦૧૬ | ૩૧-૩-૨૦૧૫ | આવક | ૩૧-૩-૨૦૧૬ |
|---|---|---|---|---|---|
| ૧૨૧૨.૩૦ | થાપણ તથા કરજ ઉપર વ્યાજ | ૧૪૨૯.૫૯ | ૨૦૮૩.૪૭ | વ્યાજ અને વટાવ | ૨૪૩૮.૧૭ |
| ૪૮૧.૭૫ | પગાર ખર્ચ | ૫૨૮.૩૦ | ૩૪.૦૦ | કમિશન - દલાલી | ૩૨.૫૮ |
| ૩૧.૮૯ | ભાડુ, કર, વિમો, તથા ઈલે. ખર્ચ | ૩૬.૨૮ | ૧૦૦.૭૮ | સીકયોરીટી ના વેચાણથી | ૨૧.૬૯ |
| ૧૩.૪૪ | કોર્ટ - વકીલ ફી | ૧.૧૪ | | થયેલ આવક | |
| ૪.૫૫ | પોસ્ટેજ, ટપાલ, ટેલીફોન ખર્ચ | ૫.૦૬ | ૨૯.૧૫ | અન્ય આવક | ૩૧.૧૭ |
| ૪.૩૬ | ઓડીટ ફી | ૪.૯૦ | | | |
| ૧૮.૬૭ | મિલ્કત મરામત તથા ઘસારા ખર્ચ | ૧૮.૩૬ | | | |
| ૧૦.૭૪ | સ્ટેશનરી છાપકામ અને જાહેરાત | ૧૧.૦૪ | | | |
| ૧૫૨.૪૯ | અન્ય ખર્ચ અને જોગવાઈ | ૩૮૭.૯૪ | | | |
| ૩૧૭.૨૧ | કાર્યકારી નફો સરવૈયામાં લઈ જતા | ૧૦૧.૦૦ | | | |
| ૨૨૪૭.૪૦ | | ૨૫૨૩.૬૧ | ૨૨૪૭.૪૦ | | ૨૫૨૩.૬૧ |

## ❖ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ❖

શ્રી વિક્રમ વૃન્દાવનદાસ તન્ના — ચેરમેન

| | |
|---|---|
| શ્રી અશોકકુમાર મગનલાલ ગદા | મેને. ડિરેક્ટર |
| શ્રી સુનીલકુમાર રમણીકલાલ સુબા | જો. મેને. ડિરેક્ટર |
| શ્રી કિશોરકુમાર મુળજીભાઈ કોટક | ચેરમેન એમીરેટસ |
| શ્રી ભરતકુમાર નારણદાસ રૂધાણી | ડિરેક્ટર |
| શ્રી ગીરીશકુમાર કનૈયાલાલ ઠક્કર | ડિરેક્ટર |
| શ્રી મહેશકુમાર કાન્તીલાલ આહ્યા | ડિરેક્ટર |
| શ્રી મુકેશકુમાર ગોવિંદજીભાઈ ચોલેરા | ડિરેક્ટર |
| શ્રી મહેન્દ્રકુમાર જમનાદાસ ગંગદેવ | ડિરેક્ટર |
| શ્રી અશ્વિનકુમાર જમનાદાસ ઉનડકટ | ડિરેક્ટર, તાલાલા |
| શ્રી દિનેશચંદ્ર ધીરજલાલ દેવાણી | ડિરેક્ટર, કેશોદ |
| શ્રી પ્રાગજીભાઈ ગોકળદાસ નથવાણી | ડિરેક્ટર, માંગરોળ |
| શ્રી ભૂવનેશભાઈ છગનલાલ કક્કડ | ડિરેક્ટર, જુનાગઢ |

# ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ. બેંક લી.

## પેટાનિયમ સુધારા-વધારા દરખાસ્ત

| ક્રમ | પેટાનિયમ | જુનો પેટાનિયમ | નવો પેટાનિયમ | કારણો |
|---|---|---|---|---|
| ૧ | વ્યવસ્થાપક કમિટી પેટાનિયમ ૨૭ | બેંકની વ્યવસ્થાપક કમીટી વધુમાં વધુ ૧૫ ડીરેકટરોની રહેશે. જેમાં વેરાવળમાંથી ૯ સભ્યો ચુંટવામાં આવશે. આ ઉપરાંત જે જગ્યાએ શાખાઓ ખોલવામાં આવે ત્યાંથી એક પ્રતિનીધી એવા વધુમાં વધુ ચાર પ્રતિનીધીઓની બોર્ડમાં ત્રણ વર્ષ માટે ચુંટણીથી સમાવેશ કરવામાં આવશે. ૪ (ચાર) કરતા વધુ શાખાઓ થાય ત્યારે શાખાઓ વચ્ચે બેઠકની ત્રણ ત્રણ વર્ષ માટે વ્યવસ્થાપક મંડળને યોગ્ય લાગે તે રીતે વારા ફરતી ફાળવણી કરવામાં આવશે. | બેંકની વ્યવસ્થાપક કમીટી વધુમાં વધુ **૨૧** ડીરેકટરોની નીચે મુજબ રહેશે.<br>વેરાવળ મતદાર મંડળ<br>સામાન્ય ડીરેકટર – ૯<br>મહિલા ડીરેકટર – ૨<br>અનુસુચિત જાતિ અથવા અનુસુચિત જનજાતિ – ૧<br>શાખાના ડીરેકટર<br>તાલાળા – ૧<br>કેશોદ – ૧<br>માંગરોળ – ૧<br>જુનાગઢ – ૧<br>આ સિવાય જરૂર જણાયે બોર્ડ ઓફ ડીરેકટર્સ મતદાર મંડળમાં ફેરફાર કરી શકશે.<br>આ ઉપરાંત બોર્ડ ઓફ ડીરેકટર્સમાં કોઈ નિષ્ણાંત ડીરેકટરો નહી હોય તો વધુમાં વધુ બે નિષ્ણાંત ડીરેકટરોની કાયદા મુજબ નિયુકતિ કરવામાં આવશે. અને તે કાયદા મુજબના અધિકારો અને ફરજો બજાવશે. | રાજય સરકારશ્રીએ કરેલ સહકારી કાયદાના સુધારાઓને અનુરૂપ પેટા કાયદામાં સુસંગતા જાળવવા ના હેતુસર |
| | | વ્યવસ્થાપક કમીટીમાં સાત સભ્યોથી કોરમ થશે. વાર્ષિક સાધારણ સભા પછીની વ્યવસ્થાપક કમીટીની બેઠકમાં સભ્યો પોતાના માંથી એકની પ્રમુખ તરીકે ચુંટી કાઢશે જે તે પછીની વાર્ષિક સાધારણ સભાનું પ્રમુખ સ્થાન સંભાળશે અને તે એક વિશેષ મત આપી શકશે. કમીટીમાં બંને બાજુએ સરખા મત પડે નહી ત્યાં સુધી આ વિશેષ મતનો ઉપયોગ થઈ શકશે નહી. | બોર્ડ ઓફ ડીરેકટર્સમાં અડધા થી વધુ ડીરેકટરોની હાજરીનું કોરમ ગણાંશે. વાર્ષિક સાધારણ સભા પછીની બોર્ડ ઓફ ડીરેકટર્સની બેઠકમાં હાજર ડીરેકટરો પોતાનામાંથી એક પ્રમુખ, એક મેનેજીંગ ડીરેકટર તથા એક જોઈન્ટ મેનેજીંગ ડીરેકટરને ચુંટી કાઢશે જે તે પછીની સાધારણ સભાનું પ્રમુખ સ્થાન પ્રમુખશ્રી સંભાળશે અને તે દરેક બેઠકમાં સરખા મત પડે તો એક વિશેષ મત આપી શકશે. તેમજ પ્રમુખશ્રીની ગેરહાજરીમાં મેનેજીંગ ડીરેકરશ્રી, જોઈન્ટ મેનેજીંગ ડીરેકટરશ્રી પ્રમુખ સ્થાન સંભાળશે. તે પૈકી કોઈ હાજર નહી હોય તો બોર્ડ ઓફ ડીરેકટર્સ પૈકી કોઈ પણ એક ડીરેકટર પ્રમુખ સ્થાન સંભાળશે. | રાજય સરકારશ્રીએ કરેલ સહકારી કાયદાના સુધારાઓને અનુરૂપ પેટા કાયદામાં સુસંગતા જાળવવા ના હેતુસર |
| ૨ | પેટાનિયમ ૨૭ (અ) | દર વર્ષે ૧/૩ એક તૃત્યાંસ ભાગના વ્યવસ્થાપક કમીટીના સભ્યો પોતાના હોદાની વધુ ચાલુ મુદતના પ્રમાણમાં વારાફરતી હોદો છોડશે પરંતું તેઓ કલમ ૨૭ બ ને આધિન રહીને ફરીથી ચુંટાવાને પાત્ર ગણાંશે અને તેઓ વાર્ષિક સાધારણ સભામાં બીજી ચુંટણી મંજુર થતાં સુધી હોદા ઉપર ચાલુ રહેશે. બેંકે નકકી કરેલા અને મહે. રજીસ્ટ્રાર સાહેબે મંજુર રાખેલા નિયમો અનુસાર આ ચુંટણી દર વર્ષે કરવામાં આવશે. અને તેનું પરીણામ સાધારણસભામાં જાહેર કરવામાં આવશે. | બોર્ડ ઓફ ડીરેકટર્સના ચુંટાયેલા ડીરેકટરની મુદત પાંચ વર્ષની રહેશે. નિવૃત થતા ડીરેકટર જો ડીરેકટર થવાની લાયકાત ધરાવતા હશે તો ફરીથી ચુંટાવાને પાત્ર રહેશે. ચુંટણી સાધારણસભાએ નકકી કરેલ અને રજીસ્ટ્રારશ્રીએ મંજુર કરેલ નિયમોને આધિન અથવા રાજય સરકાર દ્વારા રાજપત્રમાં જાહેરનામાથી જાહેર કરે તેવા નિયમો મુજબ સતાધિકારી દ્વારા દર પાંચ વર્ષે કરવામાં આવશે.<br>બોર્ડ ઓફ ડીરેકટર્સના ચુંટાયેલા હોદેદારોની મુદત બોર્ડ ઓફ ડીરેકટર્સની ચુંટણીની તારીખથી અઢી વર્ષની રહેશે. હોદેદારો પૈકી ચેરમેન, મેનેજીંગ ડીરેકટર, જોઈન્ટ મેનેજીંગ ડીરેકટર બે ટર્મથી વધારે હોદો ધરાવી શકશે નહી. | રાજય સરકારશ્રીએ કરેલ સહકારી કાયદાના સુધારાઓને અનુરૂપ પેટા કાયદામાં સુસંગતા જાળવવા ના હેતુસર |

# ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ. બેંક લી.

| ક્રમ | પેટાનિયમ | જુનો પેટાનિયમ | નવો પેટાનિયમ | કારણો |
|---|---|---|---|---|
| (૩) | પેટાનિયમ ૨૭ (બ) | જે વ્યકિત સભાસદ તા.૩૧મી માર્ચના રોજ પુરા થતા વર્ષના પહેલાના સતત ત્રણ હિસાબી વર્ષથી (સહકારી કાયદાની કલમ ૧૧૫ (સી) ૧ એ મુજબ) અગર તે પહેલા એક શેર ધરાવતો હશે અને ઉમેદવારી કરે તે દિવસે બેંકના સભાસદ તરીકે ચાલુ હશે, પેટા નિયમ ૧૬-અ મુજબની તથા અન્ય કોઈ ગેરલાયકાત નહી ધરાવતા હોય તેમજ પાકી મતદાર યાદીમાં મતદાર તરીકે જેઓનું નામ હશે. અને જેની પાસે ઉમેદવારી નોંધાવી તે દિવસે કલીન ઓવરડ્રાફટ / કલીન લોન બાકી નહી હોય, તથા અન્ય કોઈ કરજદારના જામીનદાર તરીકે ચાલુ નહી હોય અને આ બેંક કે અન્ય કોઈ પણ સહકારી સંસ્થામાં મુળ કરજદાર તરીકે પેઢી યા પ્રોપ્રાઈટરશીપ કન્સર્નનાં વહીવટમાં વહીવટદાર કે ભાગીદાર તરીકે ધિરાણ પરત આપવાનું ઓવરડ્યુ નહી થઈ ગયુ હોય અને જેની સામે નિતીની રૂએ હલકો ગણાતો ફોજદારી ગુન્હો સાબીત થયો નહી હોય તેમજ કોઈપણ કોર્ટએ જેઓને નાદાર ઠરાવ્યા નહી હોય અને જેઓએ ત્રણ વર્ષથી વધુ સમય માટે રૂા.૨૦,૦૦૦/- (વીસ હજાર) પુરાની બાંધી મુદતની થાપણ મુકેલી હોય તેજ ઉમેદવારી માટે લાયક ગણાશે. વ્યકિત સભાસદની હેસીયત સિવાય પેઢીના ભાગીદાર કે પ્રોપ્રાઈટરશીપ કન્સર્નના માલીક તરીકે કંપની યા અન્ય કોઈ નામે શેર જેઓ ધરાવતા હશે તેઓ તે હેસીયતથી ડિરેકટર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે નહી કે દરખાસ્ત કરી શકશે નહી ઉમેદવારી કરનારે રૂા.૬,૦૦૦/- (છ હજાર) પુરા અનામત જમા કરાવવાની રહેશે. જે કુલ માન્ય રહેલ મતના ૧૦ ટકા અથવા તેથી ઓછા મત મળ્યેથી જપ્ત કરવાને પાત્ર ઠરશે. બેંકનો કોઈપણ પગારદાર કર્મચારી ડીરેકટર થઈ શકશે નહી. | ઉમેદવાર જે તે મતદાર વિભાગ / મંડળનો સ્થાનિક રહેવાસી હોવો જોઈએ, જે વ્યકિત સભાસદ તા.૩૧મી માર્ચના રોજ પુરા થતા વર્ષના પહેલાના સતત ત્રણ હિસાબી વર્ષથી (સહકારી કાયદાની કલમ ૧૧૫ (સી) ૧ એ મુજબ) અગર તે પહેલા એક શેર ધરાવતો હશે અને ઉમેદવારી કરે તે દિવસે બેંકના સભાસદ તરીકે ચાલુ હશે, પેટા નિયમ ૧૬-અ મુજબની તથા અન્ય કોઈ ગેરલાયકાત નહી ધરાવતા હોય તેમજ આખરી મતદાર યાદીમાં મતદાર તરીકે જેઓનું નામ હશે. અને જેની પાસે ઉમેદવારી નોંધાવી તે દિવસે કલીન ઓવરડ્રાફટ / કલીન લોન બાકી નહી હોય, તથા અન્ય કોઈ કરજદારના જામીનદાર તરીકે ચાલુ નહી હોય અને આ બેંક કે અન્ય કોઈપણ સહકારી સંસ્થામાં મુળ કરજદાર તરીકે પેઢી યા પ્રોપ્રાઈટરશીપ કન્સર્નનાં વહીવટમાં વહીવટદાર કે ભાગીદાર તરીકે ધિરાણ પરત આપવાનું ઓવરડ્યુ નહી થઈ ગયુ હોય અને જેની સામે નિતીની રૂએ હલકો ગણાતો ફોજદારી ગુન્હો સાબીત થયો નહી હોય તેમજ કોઈપણ કોર્ટએ જેઓને નાદાર ઠરાવ્યા નહી હોય અને જેઓએ ૫ (પાંચ) વર્ષથી વધુ સમય માટે રૂા.૨૦,૦૦૦/- (વીસ હજાર) પુરાની બાંધી મુદતની થાપણ મુકેલી હોય તેજ ઉમેદવારી માટે લાયક ગણાશે. વ્યકિત સભાસદની હેસીયત સિવાય પેઢીના ભાગીદાર કે પ્રોપ્રાઈટરશીપ કન્સર્નના માલીક તરીકે કંપની યા અન્ય કોઈ નામે શેર જેઓ ધરાવતા હશે તેઓ તે હેસીયતથી ડિરેકટર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે નહી કે દરખાસ્ત કરી શકશે નહી ઉમેદવારી કરનારે રૂા.૬,૦૦૦/- (છ હજાર) પુરા અનામત જમા કરાવવાની રહેશે. જે કુલ માન્ય રહેલ મતના ૧૦ ટકા અથવા તેથી ઓછા મત મળ્યેથી જપ્ત કરવાને પાત્ર ઠરશે. બેંકનો કોઈપણ પગારદાર કર્મચારી ડીરેકટર થઈ શકશે નહી. | રાજય સરકારશ્રીએ કરેલ સહકારી કાયદાના સુધારાઓને અનુરૂપ પેટા કાયદામાં સુસંગતા જાળવવા ના હેતુસર |
| (૪) | પેટાનિયમ ૨૭ (હ)<br><br>બોર્ડમાં ખાલી પડેલી જગ્યામાં સબંધમાં | મરણ અગર બીજા કોઈપણ કારણને લીધે કોઈપણ કમિટીમાં જગ્યા ખાલી પડશે તો સાધારણ સભા મળતા સુધી વ્યવસ્થાપક કમિટી તે પુરી કરશે. આવી રીતે નવા થયેલ સભ્ય બીજા વાર્ષિક સાધારણ સભા સુધી કમિટીના સભ્ય તરીકે ચાલુ રહેશે. | બોર્ડ ઓફ ડીરેકટર્સના હોદાની બાકી મુદત તેની મુળ મુદતના અડધાથી ઓછી હોય તો બોર્ડ ઓફ ડીરેકટર્સ પ્રસંગોપાત ખાલી પડેલી આવી જગ્યા ખાલી પડયાની તારીખથી ૯૦ દિવસની મુદતની અંદર ભરી શકશે. તેમ કરવામાં નિષ્ફળ જાય તો રાજય સરકારને જે વર્ગ અથવા કક્ષાના સભ્યોના સબંધમાં પ્રસંગોપાત જગ્યા ખાલી પડેલી હોય તે જ વર્ગ અથવા કક્ષાના સભ્યોમાંથી આવી પ્રસંગોપાત ખાલી પડેલી જગ્યા ભરવાની સતા રહેશે. | રાજય સરકારશ્રીએ કરેલ સહકારી કાયદાના સુધારાઓને અનુરૂપ પેટા કાયદામાં સુસંગતા જાળવવા ના હેતુસર |

# ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ. બેંક લી.

| ક્રમ | પેટાનિયમ | જુનો પેટાનિયમ | નવો પેટાનિયમ | કારણો |
|---|---|---|---|---|
| (૫) | પેટાનિયમ ૨૭ (૧) | બેંકીંગ સંસ્થામાં મીડલ અથવા સીનીયર મેનેજમેન્ટ સ્તરનો અથવા બોર્ડ ઓફ ડીરેકટર્સમાં બેંકીંગ કામકાજનો અનુભવ ધરાવતા અથવા મેનેજમેન્ટ બેંકીંગ ફાઈનાન્સ એકાઉન્ટ જેવા વ્યાવસાયિક અનુભવ ધરાવતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તથા ચાર્ટર્ડ ફાઈનાન્સ જેવી ૨ (બે) વ્યકિતને બોર્ડ ઓફ ડીરેકટર્સ નકકી કરે તે મુદત માટે ડીરેકટર તરીકે નિયુકત કરશે. આ મુદત નિયુકતીની તારીખ થી વધુમાં વધુ ૩ (ત્રણ) વર્ષની રહેશે. આવા નિયુકત થયેલ ડીરેકટર્સ પદાધિકારી બની શકશે નહી. | બેંકીંગ, કાયદા, વ્યવસ્થાપન નાણા ક્ષેત્રમાં અનુભવ ધરાવતી અથવા મંડળીએ હાથ ધરેલા ઉદેશો અને પ્રવૃતિઓને લગતા બીજા કોઈપણ ક્ષેત્રમાં વિશેષતા ધરાવતી વ્યકિતઓને વ્યવસ્થાપક સમિતીમાં બે સભ્યોને કો-ઓપ્ટ કરી શકાશે. આ મુદત બોર્ડ ઓફ ડીરેકટર્સની સહમુદતી સુધી રહેશે. આવા નિયુકત થયેલ ડીરેકટર્સ પદાધિકારી બની શકશે નહી. તેમજ મંડળીની કોઈપણ ચુંટણીમાં મત આપવાનો અધિકાર ધરાવશે નહી. | રાજય સરકારશ્રીએ કરેલ સહકારી કાયદાના સુધારાઓને અનુરૂપ પેટા કાયદામાં સુસંગતા જાળવવા ના હેતુસર |
| (૬) | પેટાનિયમ ૩૨ (૧૨) | બેંકમાં ૩ (ત્રણ) વર્ષથી વધુ મુદતમાં રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર) પુરા બાંધી મુદત થાપણ માટે જમા નહી કરાવ્યા હોય | ---- રદ કરવો ---- | પેટાનિયમ ૨૭ (બ) માં જોગવાઈ હોવાથી |
| (૭) | બોર્ડ ઓફ ડીરેકટર્સના ચુંટણીના નિયમો પેટા નિયમ- (૧) | દરેક સહકારી વર્ષ પુંરૂ થયાની તારીખનાં રોજ સભાસદ રજીસ્ટરના અનુક્રમ પ્રમાણે એક યાદી બનાવવામાં આવશે.આ યાદી મત દારોની યાદી તરીકે ઓળખવામાં આવશે અને તે જોવા માટે મતદાર યાદી મંડળીના નોટીસ બોર્ડ ઉપર ચોટાડવામાં આવશે. આ યાદી સામે જે કાંઈ વાંધાઓ હોય તે યાદી જાહેર થયાની તારીખથી દિવસ ૧૦ માં ચુંટણી અધીકારીને રજુ કરવાના રહેશે અને આ અંગેનો ચુંટણી અધીકારીનો નિર્ણય બંધનકતા રહેશે. મતદારોની યાદીમાં જે સભાસદો હશે અને જેઓ બેંકના પેટા નિયમ ૨૭-બ મુજબની લાયકાતો ધરાવતાં હશે તેવો જ વ્યવસ્થાપક કમિટિની ચુંટણીમાં ભાગ લઈ શકશે. | ચુંટણી જે વર્ષમાં યોજવાની હોય તે પહેલાના નાણાકીય વર્ષના અંતની તારીખનાં રોજ સભાસદ રજીસ્ટરના અનુક્રમ પ્રમાણે એક મતદાર યાદી બનાવવામાં આવશે.આ યાદી મત દારોની યાદી તરીકે ઓળખવામાં આવશે અને તે જોવા માટે મતદાર યાદી મંડળીના નોટીસ બોર્ડ ઉપર ચોટાડવામાં આવશે. આ યાદી સામે જે કાંઈ વાંધાઓ હોય તે યાદી જાહેર થયાની તારીખથી દિવસ ૧૦ માં ચુંટણી અધિકારીને રજુ કરવાના રહેશે અને આ અંગેનો ચુંટણી અધીકારીનો નિર્ણય સૌને બંધનકર્તા રહેશે. મતદારોની યાદીમાં જે સભાસદો હશે અને જેઓ બેંકના પેટા નિયમ ૨૭-બ મુજબની લાયકાતો ધરાવતાં હશે તેઓ જ બોર્ડ ઓફ ડીરેકટર્સની ચુંટણીમાં ભાગ લઈ શકશે. | રાજય સરકારશ્રીએ કરેલ સહકારી કાયદાના સુધારાઓને અનુરૂપ પેટા કાયદામાં સુસંગતા જાળવવા ના હેતુસર |
| (૮) | પેટા નિયમ- (૧-અ) | દરેક સહકારી વર્ષ પુરૂં થયા બાદ ડિરેકટર બોર્ડની ખાલી પડતી જગ્યાઓ અંગેનો કાર્યક્રમ બોર્ડ ઓફ ડિરેકટર્સ તૈયાર કરી બેંકના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવશે તથા ચુંટણી અધીકારી અને મદદનીશ ચુંટણી અધીકારીની નિમણુંક કરશે. ચુંટણી અધીકારી ચુંટણી માટે સ્ટાફની પસંદગી કરશે. | ચુંટણી અંગેનો કાર્યક્રમ બોર્ડ ઓફ ડિરેકટર્સ તૈયાર કરી બેંકના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવશે તથા ચુંટણી અધિકારી અને મદદનીશ ચુંટણી અધિકારીની નિમણુંક કરશે. ચુંટણી અધિકારી ચુંટણી માટે સ્ટાફની પસંદગી કરશે. | રાજય સરકારશ્રીએ કરેલ સહકારી કાયદાના સુધારાઓને અનુરૂપ પેટા કાયદામાં સુસંગતા જાળવવા ના હેતુસર |
| (૯) | પેટા નિયમ- (૧-બ) | દરેક સહકારી વર્ષ પુરૂં થયા બાદ પેટા નિયમ ૧૬-અ મુજબ જેઓ મતદાનને પાત્ર નથી તેવા સભાસદોની યાદી ચુંટણી અધિકારી નકકી કરે તે તારીખ સુધીમાં બેંકના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે. કાચી મતદાન યાદી પ્રસિધ્ધ કર્યા બાદ મેનેજર કે જે ચુંટણી અધિકારીની ઓફીસમાં રાખવામાં આવશે અને આ યાદી માટે જે કાંઈ વાંધા હોય તે વાંધાઓ યાદી પ્રસિધ્ધ થયે દિવસ ૧૦ માં ચુંટણી અધિકારીને લેખીતમાં રજુ કરવાના રહેશે. વાંધાઓ અંગેનો નિર્ણય ચુંટણી અધિકારી | ચુંટણી જે વર્ષમાં યોજવાની હોય તે પહેલાના નાણાકીય વર્ષ પુરૂં થયા બાદ પેટા નિયમ ૧૬-અ મુજબ જેઓ મતદાનને પાત્ર નથી તેવા સભાસદોની યાદી ચુંટણી અધિકારી નકકી કરે તે તારીખ સુધીમાં બેંકના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે. કાચી મતદાર યાદી મેનેજર, ચુંટણી અધીકારીની ઓફીસમાં રાખવામાં આવશે અને આ યાદી માટે જે કાંઈ વાંધા હોય તે વાંધાઓ યાદી પ્રસિધ્ધ થયે દિવસ ૧૦ માં ચુંટણી અધિકારીને લેખીતમાં રજુ કરવાના રહેશે. વાંધાઓ અંગેનો નિર્ણય ચુંટણી અધિકારી કરશે જે આખરી ગણાશે. ત્યાર બાદ આખરી | રાજય સરકારશ્રીએ કરેલ સહકારી કાયદાના સુધારાઓને અનુરૂપ પેટા કાયદામાં સુસંગતા જાળવવા ના હેતુસર |

# ધી વેરાવળ પીપલ્સ કો–ઓપ. બેંક લી.

| ક્રમ | પેટાનિયમ | જુનો પેટાનિયમ | નવો પેટાનિયમ | કારણો |
|---|---|---|---|---|
| | આગળના પાનાથી ચાલુ..... | કરશે જે આખરી ગણાશે. ત્યાર બાદ મતદાર યાદી (પાકી) પ્રસિધ્ધ કરવામાં આવશે. પેટા નિયમ ૧૬–અ મુજબની ગેર લાયકાતો ધરાવતા સભ્યો પૈકીના જેઓ પાકી મતદાર યાદી પ્રસિધ્ધ થતા સુધી (ચુંટણી અંગેની જાહેર નોટીસમાં દર્શાવેલા સમય મુજબ) પોતાનું ખાતું સરખું કરી જે તે ખામી દુર કરી મતદાન માટે જરૂરી લાયકાત મેળવશે, તેઓના નામ પાકી યાદીમાં દર્શાવવામાં આવશે. જે સભાસદો દ્વારા આ ગેર લાયકાતો ત્યારબાદ ધરાવવાનું ચાલું હશે (પાકી યાદી પ્રસિધ્ધ થયા બાદ) તેઓ જે તે વર્ષે સહકારી વર્ષની ચુંટણીમાં મતદાન કરી શકશે નહીં. તેમજ જે સભાસદો પેટા નિયમ ૨૭–બ મુજબની લાયકાતો ધરાવતા હશે તેઓ જ વ્યવસ્થાપક કમિટિની ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે. | મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે. પેટા નિયમ ૧૬–અ મુજબની ગેર લાયકાતો ધરાવતા સભ્યો પૈકીના જેઓ આખરી મતદાર યાદી પ્રસિધ્ધ થતા સુધી (ચુંટણી અંગેની જાહેર નોટીસમાં દર્શાવેલા સમય મુજબ) પોતાનું ખાતું સરખું કરી જે તે ખામી દુર કરી મતદાન માટે જરૂરી લાયકાત મેળવશે, તેઓના નામ આખરી મતદાર યાદીમાં દર્શાવવામાં આવશે. જે સભાસદો દ્વારા આ ગેરલાયકાતો ત્યારબાદ ધરાવવાનું ચાલું હશે (આખરી યાદી પ્રસિધ્ધ થયા બાદ) તેઓ જે તે વખતે ચુંટણીમાં મતદાન કરી શકશે નહી. તેમજ જે સભાસદો પેટા નિયમ ૨૭–બ મુજબની લાયકાતો ધરાવતા હશે તેઓ જ બોર્ડ ઓફ ડીરેકટર્સની ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે. | |
| (૧૦) | પેટા નિયમ–(૨) | સહકારી વર્ષ પુરૂં થયા બાદ વ્યવસ્થાપક સમિતિમાંથી નિવૃત થતા સભ્યો અને બીજી રીતે ખાલી પડતી જગ્યાઓ નકકી કરવામાં આવશે અને તે જગ્યાઓ પુરવા માટે ઉમેદવારી પત્રકો મેળ વવા અને ચુંટણી અધીકારીને પહોંચતા કરવા માટેની તારીખ નકકી કરી તેની જાહેરાત બેંકના નોટીસ બોર્ડ ઉપર ચોટાડવામાં આવશે. | ચુંટણી દરેક સભ્યોની પાંચ વર્ષે માટે કરવામાં આવશે. નિવૃત થનાર ડીરેકટરો લાયકાત ધરાવતા હશે તો ફરી ચુંટાવાને પાત્ર ગણાશે. ચુંટણી અંગેના ઉમેદવારી પત્રકો મેળવવા, ભરવા માટેની તારીખ નકકી કરી તેની જાહેરાત બેંકના નોટીસ બોર્ડ ઉપર ચોટાડવામાં આવશે. | રાજય સરકારશ્રીએ કરેલ સહકારી કાયદાના સુધારાઓને અનુરૂપ પેટા કાયદામાં સુસંગતા જાળવવા ના હેતુસર |
| (૧૧) | પેટા નિયમ ૪૦ | સભાસદ તથા નોમીનલ સભાસદોને સોના અને / અથવા ચાંદીના દર દાગીના અથવા ઝવેરાત ગીરો રાખીને બજાર કિંમતના ૮૦ ટકાથી વધુ નહી તેટલી રકમ વ્યવસ્થાપક કમીટી નકકી કરે તે વ્યાજના દરે ધિરી શકશે. ઓછામા ઓછા તથા વધુમા વધુ લોન તરીકે આપવાની રકમ તથા તે પરત કરવાની મુદત રીઝર્વ બેંક ઓફ ઈંડીયા ની વખતો વખતની માર્ગદર્શિકા અનુસાર અને મહે.ડીસ્ટ્રીકટ રજીસ્ટ્રાર સાહેબની મંજુરીથી બેંકની વ્યવસ્થાપક કમીટીએ નકકી કરેલા નિયમોને આધીન રહી કરવામાં આવશે. | સભાસદ તથા નોમીનલ સભાસદોને સોના/ચાંદીના દર દાગીના / ઝવેરાત ગીરો રાખીને બોર્ડ ઓફ ડીરેકટર્સ નકકી કરે તે વ્યાજના દરે નાણા ધિરી શકાશે. આ પ્રકારના લોન ખાતાઓમાં માર્જીનની રકમ / ટકાવારી તેમજ ગીરો રાખેલ દાગીનાની કિંમત સામે ધિરાણ કરવાની મહતમ રકમની ટકાવારી વખતો વખત રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તેમજ અન્ય રેગ્યુલેટરી કંટ્રોલરની માર્ગદર્શિકાનું અનુપાલન થાય તે રીતે બોર્ડ ઓફ ડીરેકટર્સએ નકકી કરેલા નિયમોને આધીન રહી કરવામાં આવશે. | રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની વખતો–વખતની માર્ગદર્શિકા અનુસાર |

## જીતેજી રકતદાન.... મૃત્યુબાદ ચક્ષુદાન....

**ભારતની કુલ વસ્તી : ૧૧૮ કરોડ - દરરોજ સરેરાશ મૃત્યુ : ૬૨૩૮૯**

**સરેરાજ જન્મ : ૮૬૮૫૩ - કુલ પ્રજ્ઞાચક્ષુ લોકોની સંખ્યા : ૬૮૨૪૯૭**

**દરરોજ મૃત્યુ થતા લોકો પોતાની આંખ જો દાનમા આપે તો**

**૧૧ દિવસમાં તમામ પ્રજ્ઞાચક્ષુઓને પોતાની આંખની રોશની મળી શકે.**

## સ્ટુડન્ટ કોમ્પ્યુટર લોન

માત્ર ૧૨%*

સરળ માસીક ૧૨/૧૮/૨૪ હપ્તાથી...

૮૫% તાત્કાલીક ધિરાણ

ઝડપી અને સરળ ધિરાણ....






## મહિલા ઉત્કર્ષ લોન

- કુટીર ઉદ્યોગ
- ગૃહ ઉદ્યોગ
- નાના રોજગાર માટે

રૂા. ૨૦,૦૦૦ સુધી ધિરાણ...

સરળ અને ઝડપી માસીક ૧૨ / ૨૪ હપ્તાથી...

## ATM / Debit Card




ગીર સોમનાથ તથા જુનાગઢ જિલ્લાની

**RuPay ATM / Debit Card**

ગ્રાહક સેવાર્થે શરૂ કરતી સૌપ્રથમ સહકારી બેન્ક

દેશભરના અંદાજે ૧ લાખ ૯૦ હજારથી વધુ

**ATM Network** સાથે જોડાણ...

ગ્રાહકો અને સભાસદોને આ સેવાનો લાભ લેવા

વિનમ્ર અનુરોધ છે.


### —: ચુંટણી અંગે :—

સને ૨૦૧૬–૧૭, ૨૦૧૭–૧૮, અને ૨૦૧૮–૧૯, ના વર્ષ માટેની વેરાવળ વિભાગની ૧/૩ ડીરેકટરોની ૩ (ત્રણ) તેમજ તાલાલા વિભાગની ૧ (એક) બેઠકનો ચુંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ. જે પૈકી તાલાલા વિભાગની ૧ (એક) બેઠકમાં શ્રી અશ્વિનકુમાર જમનાદાસ ઉનડકટ બિનહરીફ જાહેર થયેલ છે. વેરાવળ વિભાગની ૩ (ત્રણ) બેઠક માટે કુલ પાંચ ફોર્મ રજુ થયેલ જે પૈકી ચકાસણી સમયે એક જ ઉમેદવારના બે ફોર્મ આવેલ હોય સદરહુ ઉમેદવારનું એક ફોર્મ દફતરે લેતા કુલ ૪ (ચાર) ઉમેદવારના ઉમેદવારી ફોર્મ મંજુર થયેલ. ત્યારબાદ બેન્કના સભાસદે રાજકોટના બોર્ડ ઓફ નોમીનીઝ સાહેબની કોર્ટમાં લવાદી દાવા નં. ૪૨/૨૦૧૬ના કામમાં તા. ૧૯–૮–૨૦૧૬ ના રોજ "હાલ યથાસ્થિતિ" જાળવવાના થયેલ હુકમની બજવણી તા. ૨૦–૮–૨૦૧૬ના થતાં ત્યારબાદની વેરાવળ વિભાગની ચુંટણી પ્રક્રિયા મોકુફ રાખવામાં આવેલ છે.